જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૨/૨૦૧૯ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૧૩/૧૯**

**ઇસનપુર પોલીસ સ્ટેશન :**

## લુંટના આરોપીઓને પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો ગુનો શોધી કાઢતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી વણ શોધાયેલા ગુનાઓ શોધી કાઢ્વા તથા મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા માટેની સુચનાઓ મળતી હોય પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સીધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ નાઓ સર્વેલન્સ સ્કો.ડના માણસોની સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા અ.પો.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા અ.પો.કો વિજયસિહ બાબુભાઇ તથા અ.પો.કો ચન્દુભાઇ અજુભાઇ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે આરોપીઓ (૧) મોહસીન અલીહુસેન કુરેશી ઉ.વ ૩૧ રહે.મ.નં ૫૦૨ અમીર ફ્લેટ મસ્તાન મસ્જીદ પાસે જુહાપુરા અમદાવાદ શહેર તથા (૨) મહંમદશફી ઉર્ફે કાલીયા શબ્બીરભાઇ શેખ (સિપાઇ) ઉ.વ ૩૨ રહે.મ.નં ૨૭૮૬ શાહપુર જુલાઇવાડા શાહપુર પોલીસ સ્ટેશનની પાછળ અમદાવાદ શહેરનાઓને તા.૧૬/૦૨/૨૦૧૯ ના ક્લાક ૨૨/30 વાગે અટક કરી તેઓની પાસેથી એક સોનાની તુટેલી ચેઇન કિંમત રૂપિયા ૨૫,000/- તથા એક વિવોનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧0,000/-નો મળી કુલ રૂપિયા ૩૫,000/-નો મુદ્દામાલ રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૩૬/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૯૨,૩૨૩ ૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા ૧૮/૦૨/૨૦૧૯

## પાસા અટકાયતના આરોપીને પકડી કચ્છ-ભુજ જેલમા મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના આપતા જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી એન.એમ.પટેલ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધી ગુનાઓમા પકડાયેલ માથાભારે ઇસમ શાહબાઝખાન દિલાવરખાન બલોચ ઉ.વ ૨૧ રહે.નવાબનગરના છાપરા ડો.હબીબના દવાખાના પાસે ચંડોળા તળાવ શાહઆલમ ઇસનપુર અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૧૬૧/૨૦૧૯ તા.૧૬/૦૨/૨૦૧૯ થી પાસા કરી સદરીને તા.૧૬/૦૨/૧૯ ના રોજ પકડી પાસામા કચ્છ-ભુજ જેલ ખાતે મોકલી આપેલ છે તા.૧૮/૦૨/૧૯

**ચાંદખેડા પોલીસ સ્ટેશન :**

પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૨૧૭/૧૮ ઇપીકો કલમ ૩૭૯ મુજબ તથા ફસ્ટ ગુ.ર.નં. ૨૭૩/૧૮ ઇપીકો કલમ ૩૭૯, ૧૧૪ મુજબ ગુનાના કામના આરોપી અક્ષય પ્રવિણભાઇ પરમાર ઉ.વ.૧૯ ધંધો અભ્યાસ રહે. મકાન નં.૫૨૦/૩૩૬૨, અંબિકાનગર ગુ.હા.બોર્ડ, ચાંદખેડા અમદાવાદ શહેર મુળવતન ગામ સમૌ તા.ડીસા, જી.બનાસકાંઠા નાની વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતાં સદરી ઇસમને મે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૧૪૫/૧૯ તા.૧૨/૨/૨૦૧૯ થી સુરત જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવાનો હુકમ કરતાં સદરી ઇસમને આજરોજ તા.૧૭/૨/૧૯ ના રોજ કલાક ૧૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે સુરત જેલ ખાતે મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.